Extra No. 325

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સહિંતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનો

નં.એમએજી/GPSC પરીક્ષા/જાહેરનામું/વશી/૧૮૯૩ થી ૧૯૦૩/૨૦૨૫.-સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : સીસીઈ-૪૦-૬૮૭-૨૦૨૫-(૪)-ઈએક્સ-૨ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજના પત્રથી તા.૦૭/૦૯/૨૦૨૫ ના રોજ નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદાવારો માટેની ખાસ ભરતી) (જા.ક્ર.૧૨૭/૨૦૨૪-૨૫) અને નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (જા.ક્ર.૦૮/૨૦૨૫-૨૬) ની પ્રાથમિક કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. સદર પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા નિવિઘ્ને યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે સારૂ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ લાગુ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. જે જોતાં આ કામે પ્રતિબંધક જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ઉકત કામે આથી હું જે.જે.પટેલ, (જી.એ.એસ) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ તા.૦૭/૦૯/૨૦૨૫ ને રવિવારના રોજ સવારના ૦૯:૦૦ થી બપોરના ૧૪:૦૦ કલાકના સમયગાળા માટે અનુસુચિમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રો ખાતે ચર્તુદિશાની ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર મનાઈ ફરમાવુ છું.

પ્રતિબંધિત કૃત્યો :-

(૧) પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત વ્યકિતઓએ અવર-જવર કરવી નહિં. કાયદેસરની ફરજ બજાવનારાઓને કોઈપણ પ્રકારે અડચણ કે અવરોધ કરવો કે કરાવવો, તેમજ કોઈપણ ઈસમે કોઈપણ પ્રકારની તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી કે કરાવવા ઉપર તેમજ પરીક્ષાર્થીઓની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવા/કરાવવા ઉપર.

(૨) પરિક્ષાર્થીઓ, શિક્ષકો, સંચાલકો, વહીવટી કર્મચારીઓ, જાહેર જનતા કે ફરજ પરના તમામ સ્ટાફએ પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ વસ્તુ, અથવા ઈલેકટ્રોનીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, કેમેરા, લેપટોપ, કોમ્પ્યુટર, કેલ્કયુલેટર ઈત્યાદી ઉપકરણોના ઉપયોગ કરવા ઉપર, તથા પુસ્તકો, કાપલીઓ, ઝેરોક્ષ નકલો કે પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારનું સાહિત્ય પરીક્ષા સ્થળમાં લઈ જવા, વહન કરવા કે તેમાં મદદગારી કરવા ઉપર.

(૩) પરીક્ષાખંડમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષાર્થીઓને, અન્ય કોઈ વ્યકિત અથવા જાતે પરીક્ષામાં ચોરી કરવી, કરાવવી, કે તે પ્રકારના કામમાં મદદગારી કરવી તેમજ પરીક્ષાલક્ષી કોઈપણ પ્રકારના સાહિત્યની આપ-લે કરવા કે કરાવવા ઉપર.

(૪) પરીક્ષામાં થતી ગેરરીતી અટકાવવાના હેતુથી આ સાથેની અનુસૂચિમાં જણાવેલ પરીક્ષાના સમગ્ર વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કોપીઅર, ફેકસ મશીન સંચાલકોએ પરીક્ષાના દિવસ દરમ્યાન સવારના ૦૯-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધી કોપીઅર મશીનનો ઉપયોગ કરવા ઉપર.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ નીચે મુજબ શિક્ષાને પાત્ર થશે, અને જો તેવા અનાદર, કાનુની રીતે કામે રાખેલ વ્યકિતઓને અવરોધ, ત્રાસ કે હાનિ પહોંચાડે તેમ હોય અથવા તે અંગેનું જોખમ ઉત્પન્ન કરે તેમ હોય તો તેને ૧ (એક) માસ સુધીની સાદી કેદ અથવા બસ્સો રૂપિયા સુધીનો દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે, તથા જો આવો અનાદર માનવજીવન, સુખાકારી કે સલામતીને ભયમાં મૂકે અથવા મૂકે તેમ હોય અથવા તેથી હુલ્લડ કે બખેડો થાય અથવા થાય તેમ હોય તો તેને ૬(છ) માસ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા થશે.

આ હુકમ અન્વયે પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના કમ્પાઉન્ડની અંદર થયેલ ભંગ અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા અધિકૃત કરવામાં આવેલ સરકારી અમલદાર અથવા સ્થળ સંચાલક ધ્વારા ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવેલ ફરજ પરના અધિકારી/શિક્ષક તેમજ કમ્પાઉન્ડ બહાર તથા કાયદો અને વ્યવસ્થાના ભંગ બદલ પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપલા દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક : નં.એમએજી/GPSC પરીક્ષા/જાહેરનામું/વશી/૧૮૯૩ થી ૧૯૦૩/૨૦૨૫ તા૦૨/૦૯/૨૦૨૫ ની સાથેની અનુસુચિ

Online Job Application System (GPSC)

પેટા કેન્દ્રો(શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવાર ની વિગત દર્શાવતુ પત્રક

જાહેરાત નંબર : GPSC/202526/8 ----- Job Title:Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3

Exam Timings : 07/09/2025 11:00 AM TO 01:00 PM

District Name:PANCHMAHALS (Godhra)

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)"	પેટા કેન્દ્ર નું સરનામું	ઉપયોગમાં લેવાનાર ઉમેદવારની સંખ્યા"	ઉપયોગમાં લેવાનાર રૂમ ની સંખ્યા"
1	13986 - M AND M MEHTA HIGHSCHOOL CENTER A	SCIENCE COLLEGE ROAD, NEAR SHETH P T ARTS & SCIENCE COLLEGE JAFRABAD,GODHRA DIST. PANCHMAHAL	240	10
2	13987 - M AND M MEHTA HIGHSCHOOL CENTER B	SCIENCE COLLEGE ROAD, NR. SHETH P T ARTS & SCIENCE COLLEGE, JAFARABAD, GODHRA, DIST. PANCHMAHAL	240	10
3	30840 - ANAJ MAHAJAN SARVAJANIK HIGHSCHOOL	NEAR SHETH P T ARTS AND SCIENCE COLLEGE, JAFARABAD,GODHRA DIST-PANCHMAHAL	240	10
4	27273 - ROTARY ENGLISH MEDIUM SCHOOL	NEAR SHETH P T ARTS AND SCIENCE COLLEGE, JAFARABAD,GODHRA DIST-PANCHMAHAL	240	10
5	65601 - NALANDA SCHOOL BHURAVAV UNIT-1	AT POST GODHRA, NEAR SANSKARINAGAR-2 BHURAVAV, TA-GODHRA, DIST-PANCHMAHAL	288	12
6	65600 - NALANDA SCHOOL BHURAVAV UNIT-2	AT POST GODHARA, NEAR SANSKARINAGAR-2 BHURAVAV, TA-GODHRA, DIST-PANCHMAHAL	288	12
7	43848 - SAINT ARNOLD HIGH SCHOOL UNIT-1	GODHRA-AHMEDABAD HIGHWAY ROAD, NR. S.T.NAGAR, BHURAVAV, GODHRA	288	12
8	50360 - SAINT ARNOLD HIGH SCHOOL UNIT-2	GODHRA-AHMEDABAD HIGHWAY ROAD, NR. S.T.NAGAR, BHURAVAV, GODHRA	288	12
9	61188 - MECCABE MEMORIAL HIGHSCHOOL GODHARA	PRABHA ROAD, NEAR I.T.I. GODHRA, DIST PANCHMAHAL	240	10
10	39439 - SMT T C SONI MADHYAMIK VIDHYALAY, CENTER A	GITANAGAR, BAMROLI ROAD, NEAR SBI BANK, ROHITKUMAR - RATILAL MARG, GODHRA, DIST. PANCHMAHAL	240	10

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)"	પેટા કેન્દ્ર નું સરનામું	ઉપયોગમાં લેવાનાર ઉમેદવારની સંખ્યા"	ઉપયોગમાં લેવાનાર રૂમ ની સંખ્યા"
11	39440 - SMT T C SONI MADHYAMIK VIDHYALAY, CENTER B	GITANAGAR, BAMROLI ROAD, NEAR SBI BANK, ROHITKUMAR - RATILAL MARG, GODHRA, DIST. PANCHMAHAL	240	10
12	65592 - NALANDA SCHOOL BAMROLI UNIT-1	PUSHTI DHAM, MANDIR NI SAME, BAMROLI ROAD, GODHRA.	288	12
13	65595 - NALANDA SCHOOL BAMROLI UNIT-2	PUSHTI DHAM, MANDIR NI SAME, BAMROLI ROAD, GODHRA	288	12
14	13956 - AMAN DAY SCHOOL	AT POST TA: GODHRA, AMAN DAY SCHOOL CAMPUS, OPPOSITE JIMKHANA, R.T.O.ROAD, COMMERCE COLLEGE CAMPUS, OLD CIVIL LINES, DIST.PANCHAMAHAL	240	10
15	13972 - KALRAV SCHOOL	NEAR SUNRISE HOSPITAL, DAHOD ROAD, VAVDI BUJARG, MU.GODHRA, DIST. PANCHMAHAL	123	6
	Sub Total		3771	158

અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક : નં.એમએજી/GPSC પરીક્ષા/જાહેરનામું/વશી/૧૮૯૩ થી ૧૯૦૩/૨૦૨૫ તા૦૨/૦૯/૨૦૨૫ ની સાથેની અનુસુચિ

Online Job Application System (GPSC)

પેટા કેન્દ્રો(શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવાર ની વિગત દર્શાવતુ પત્રક

જાહેરાત નંબર : GPSC/202425/127 ----- Job Title:Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3

Exam Timings : 07/09/2025 11:00 AM TO 01:00 PM

District Name:PANCHMAHALS (Godhra)

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)"	પેટા કેન્દ્ર નું સરનામું	ઉપયોગમાં લેવાનાર ઉમેદવારની સંખ્યા"	ઉપયોગમાં લેવાનાર રૂમ ની સંખ્યા"
1	14009 - THE IQBAL UNION HIGH SCHOOL	OPP CIVIL HOSPITAL,GODHRA	168	7
2	34191 - SHREE SWAMINARAYAN HIGH SCHOOL	MU. POST. JAFRABAD, GODHARA, GOVINDI ROAD, DASAMA MANDIR FATAK, DIST. PANCHMAHAL.	86	4
	Sub Total		254	11

આજ તારીખ:૨જી સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(એન) અન્વયેનું

નં. એમએજી/GPSC પરીક્ષા/લાઉડસ્પીકર/જાહેરનામું/વશી/૧૯૦૪ થી ૧૯૧૪/૨૦૨૫. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : સીસીઈ-૪૦-૬૮૭-૨૦૨૫-(૪)-ઈએક્સ-૨ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજના પત્રથી તા.૦૭/૦૯/૨૦૨૫ ના રોજ નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (દિવ્યાંગ ઉમેદાવારો માટેની ખાસ ભરતી) (જા.ક્ર.૧૨૭/૨૦૨૪-૨૫) અને નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર, વર્ગ-૩ (જા.ક્ર.૦૮/૨૦૨૫-૨૬) ની પ્રાથમિક કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. સદર પરીક્ષા કેન્દ્રો ખાતે પરિક્ષાર્થીઓને પરીક્ષા

દરમ્યાન ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા સ્થળોની આસપાસના વિસ્તારમાં લાઉડ સ્પીકર ઉપયોગ કરવા ઉપર પરીક્ષાના સમય દરમ્યાન પ્રતિબંધ લાગુ કરવા જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

અત્રેના હુકમ નં.એમએજી/GPSC પરીક્ષા/જાહેરનામું/વશી/૧૮૯૩ થી ૧૯૦૩/૨૦૨૫ તા૦૨/૦૯/૨૦૨૫ થી તે હુકમ સાથેની અનુસૂચિમાં ઉલ્લેખ કરેલ કુલ-૯૩ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર માટે હુકમમાં દર્શાવેલ વિગતે જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.

આથી, હું જે.જે.પટેલ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(એન) અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવુ છું કે, અત્રેના હુકમ નં.એમએજી/GPSC પરીક્ષા/જાહેરનામું/વશી/૧૮૯૩ થી ૧૯૦૩/૨૦૨૫ તા૦૨/૦૯/૨૦૨૫ સાથેની અનુસૂચિમાં ઉલ્લેખ કરેલ પરીક્ષા કેન્દ્રોની ચર્તુદિશાની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તારોમાં આગામી તા.૦૭/૦૯/૨૦૨૫ ના રોજ સવારના ૦૯-૦૦ કલાકથી બપોરના ૧૪-૦૦ કલાક સુધીના સમયગાળા દરમ્યાન રસ્તામાં અથવા સાર્વજનિક જગ્યાઓમાં અથવા તેની નજીકમાં વાજીંત્ર વગાડવા નહિં. ભૂંગળા, લાઉડસ્પીકર રેડીયો, ઓડીયો પ્લેયર્સ જેવા ઉપકરણો અથવા ઘોઘાંટ કરે તેવા બીજા સાધનો વગાડવા નહિં.

પોલીસ અધિક્ષકશ્રીએ આ જાહેરનામાની ગુજરાત પોલીસ અધિનિયમની જોગવાઈઓ મુજબ પુરતી પ્રસિધ્ધિ કરવાની રહેશે તથા તે અંગેનો અહેવાલ મોકલવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ: ૦૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિહો કર્યો.

જે. જે. પટેલ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ-ગોધરા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:26:39 IST